દાખલ તારીખ : 07/03/2020
રજીસ્ટર તારીખ : 07/03/2020
ફેંસલ તારીખ : **02/05/2026**
અવધિ : વર્ષ–માસ–દિવસ
**06 01 25**

## બરવાળાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાર્સ સાહેબશ્રી ની અદાલતમાં, બરવાળા, જીલ્લો–બોટાદ

**ફોજદારી કેસ નંબર ૬૮/૨૦૨૦**
**આંક :–**

**શ્રી સરકાર** **.............ફરીયાદી**

**વિરૂધ્ધ:–**

(૧) **અખાભાઈ ઉર્ફે અશોકભાઈ કાળુભાઈ મંદુરીયા**
ઉ.વ.૩૫, જાતે–દેવિપુજક
રહે.બરવાળા મહાવીર જીન પાછળ, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ

(૨) **રઘુભાઈ સોંડાભાઈ સાટીયા**
ઉ.વ.૩૪, જાતે–ભરવાડ
રહે.બરવાળા, ધોલેરીયા પરામાં, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ

(૩) **સાહીલ ઉર્ફે ફિરોજશાહ ભીખુભાઈ ફકીર**
ઉ.વ.૨૯, જાતે–મુસ્લિમ
રહે.બરવાળા, નાવડા રોડ, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ

**........આરોપીઓ**

**ગુન્હો: ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫, ૬, ૬બી (૧)(૨)(૩), ૬(કે), ૮, ૧૦ તથા પ્રાણી ક્રૂરતા કલમ–૧૧(ડી), (ઈ )(એફ) (એચ) ૧૧,(ઈ)(એલ), ૧૧(૧) મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી : ડો.પી.એન.કાંગ્રીચા
આરોપીઓ તરફે વિ.વકિલશ્રી : પી.એમ.રાઠોડ

## // ચુકાદો //

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તારીખ

૨૪/૦૧/૨૦૧૭ ના કલાક ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓએ પોતાના હવાલા વાહનમાં માલ ઢોર ભરેલ હોય, પોલીસ રેઈડ દરમ્યાન પશુ નંગ–૯ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/– તથા ટાટા ૪૦૭ નંબર GJ-2-T-7104 કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– સાથે કુલ રૂપિયા ૨,૧૮,૦૦૦/– નો મુદામાલ મુકી નાસી જઈ, ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫, ૬, ૬બી(૧)(૨)(૩), ૬(કે), ૮, ૧ ૦ તથા પ્રાણી ક્રૂરતા કલમ–૧૧(ડી)(ઈ)(એફ)(એચ), ૧૧(ઈ)(એલ), ૧૧(૧) મુજબ ગુન્હો કરેલ હોય, ઉપરોકત બનાવ બાબતે હાલના આરોપીઓ વિરૂધ્ધ બરવાળા પો.સ્ટે.ખાતે ફરીયાદ નોંધાવેલી.

૨) સદર ગુન્હો નોંધાતાં, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામાઓ કરેલ, હાલના આરોપીઓને અટક કરેલ તેમજ જરૂરી પુરાવા એકઠાં કરી તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં હાલનાં ગુન્હાનું ચાર્જશીટ કરેલ છે.

૩) હાલના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુન્હા સબબ આંક–૩ થી તહોમતનામું ઘડી આંક–૪ થી ૬ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓ એ ગુન્હાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૪) ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

## –: <u>મૌખિક પુરાવો</u> :–

| ક્રમ નંબર | સાહેદનું નામ/વિગત | આંક |
|---|---|---|
| ૧) | પંચ–રણજીતભાઈ વજુભાઈ ભુવાની જુબાની | ૩૬ |
| ૨) | પંચ–મનોજભાઈ નાનુભાઈ બાવળીયાની જુબાની | ૩૮ |

| | | |
|---|---|---|
| ૩) | ફરીયાદી– દીલીપભાઈ ખીમજીભાઈ વાઘેલાની જુબાની | ૪૭ |
| ૪) | સાહેદ–હેમુભાઈ બીજલભાઈ જમોડની જુબાની | ૫૦ |
| ૫) | સાહેદ–જયેશભાઈ ધીરૂભાઈ ધાધલની જુબાની | ૫૧ |
| ૬) | સાહેદ–નરેન્દ્રસિંહ વનરાજસિંહ ચુડાસમાની જુબાની | ૫૨ |
| ૭) | સાહેદ–હરીભાઈ જોગાભાઈ ભુવાની જુબાની | ૫૪ |
| ૮) | સાહેદ–મુકેશભાઈ રતુભાઈ ભરવાડનીજુબાની | ૫૫ |
| ૯) | સાહેદ–આમાભાઈ તોગાભાઈ ભુવાની જુબાની | ૫૬ |
| ૧૦) | સાહેદ–છેલાભાઈ મેરાભાઈ ભુવાની જુબાની | ૫૭ |
| ૧૧) | સાહેદ–નાગજીભાઈ મોતીભાઈ ચૌહાણ ની જુબાની | ૫૮ |
| ૧૨) | સાહેદ–જીતેન્દ્રભાઈ સવાઈલાલ જોધાણીની જુબાની | ૬૦ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **અનુક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧) | પંચનામું | ૩૭ |
| ૨) | ફરીયાદ | ૪૮ |
| ૩) | સુચિપત્ર(ડેપ્યુટી યાદી) | ૪૯ |
| ૪) | પાંજરાપોળની પ્રમુખ તરફથી આપેલ પંહોચ | ૫૯ |

ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી શ્રી ની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૫) ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં, આરોપીઓનુ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેમની વિરૂધ્ધના પુરાવાને નકારી કાઢી વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે.

**ફરીયાદપક્ષની એ.પી.પી.શ્રીની દલીલો:–**

૬) ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીઓએ ખૂબ જ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આરોપીઓએ પોતાના હવાલાવાળા વાહનમા માલ ઢોર

ભરેલ હોય જેમા રેડ દરમ્યાન પશુ નંગ–૯ ને કોઈ ઘાસચારાની કે પાણીની વ્યવસ્થા કર્યા વગર કાળા દોરડાથી બાંધી ક્રુરતાપૂર્વક વાહનમા લઈ જઈ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ ગુનાના કામે જે પશુઓ કબજે કરેલા છે તે પાંજરાપોળ બરવાળા માં તપાસ કરનાર અમલદાર ધ્વારા સોપવામા આવેલ છે. તે પાંજરાપોળના મેનેજરશ્રીને પણ આંક–૬૦ થી તપાસવામા આવેલા છે. તેઓએ પણ પશુઓને પાંજરાપોળમા સંભાળી લીધેલાનો પ્રમાણપત્ર આંક–૫૯ થી આપેલ છે. આ કામે તપાસેલા ફરીયાદીના સાહેદો પણ ફરીયાદીની ફરીયાદને સમર્થનકારક પુરાવા આપેલ છે. આમ, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય. આરોપીઓને કાયદામા સૂચવેલ સખત સજા કરવા વિનંતી કરેલ છે.

**<u>આરોપીઓના વિધ્વાન વકીલશ્રીની દલીલો:–</u>**

૭) આરોપીના વિધ્વાન વકીલશ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, કહેવાતો ગુનો આરોપીઓએ કરેલ નથી. આરોપીઓ સ્થળ ઉપરથી પકડાયેલ નથી. તેમજ સ્થળ ઉપરથી ટાટા ૪૦૭ મા પશુઓ ભરેલા અને તે આરોપીઓ સાથે પકડાયેલા હોય તેવુ બનેલ નથી. આ કામે તપાસવામા આવેલ આંક–૩૮ ના બનાવવાળી જગ્યાના પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય. તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે. તેમજ આ કામે તપાસવામા આવેલા અન્ય સ્વતંત્ર સાહેદો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય. આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૮) **કેસની હકીકત તેમજ દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તારીખ ૨૪/૦૧/૨૦૧૭ ના કલાક ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓએ પોતાના હવાલા વાહનમાં માલ ઢોર ભરેલ હોય, પોલીસ રેઈડ દરમ્યાન પશુ નંગ–૯

કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- તથા ટાટા ૪૦૭ નંબર GJ-2-T-7104 કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- સાથે કુલ રૂપિયા ૨,૧૮,૦૦૦/- નો મુદામાલ મુકી નાસી જઈ, ગુજરાત પ્રાણી સંરક્ષણ-૧૯૫૪ ની કલમ-૫, ૬, ૬બી (૧)(૨)(૩), ૬(કે), ૮, ૧૦ તથા પ્રાણી ક્રૂરતા કલમ-૧૧(ડી)(ઈ)(એફ)(એચ),૧૧(ઈ)(એલ), ૧૧(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

(૨) શું હુકમ ?

૯) ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો ને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.**

૧૦) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે શાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામા આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામા આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો, તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ**

**અદાલતે સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુધ્ધલેખરાજ (૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭(ક્રિમીનલ) ના ચુકાદામા ઠરાવ્યા મુજબ** જયારે કોઈ ફોજદારી કેસમા કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમ જ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામા આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમા વિરોધાભાસ, અતીરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામા એવું પણ જણાવેલ છે કે ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવીકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ,માત્રટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસકાર્ડકરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરીસ્થિતિમા આપેલ છે કઈ પરીસ્થિતિમા બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમા જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

૧૧) સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આ મુદા સંદર્ભ ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાકંન કરતાં પહેલાં, અત્રેની અદાલતને સૌ પ્રથમ ફરિયાદપક્ષનો પુરાવો ટુંકમાં નોંધવો જરૂરી જણાય છે.

૧૨) **પુરાવાકીય મુલ્યાકન:-**

**<u>મુદ્દા :- ૧ અને ૨.</u>**

(૧૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો છે. તેમજ ફરીયાદપક્ષ રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુંલ્યાંકન કરી કેસના ન્યાય નિર્ણય ઉપર પહોચવાનું રહે છે.

**આ કામે મુદ્દા નંબર ૧ અને ૨ બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.** ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ગુજરાત પ્રાણી સંરક્ષણ અને પ્રાણી સંરક્ષણ અધિનિયમ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. ત્યારે ફરીયાદપક્ષના કેસની હકિકતને પુરવાર કરવા માટે **આંક-૩૬ થી પંચ સાહેદ-રણજીતભાઈ વજુભાઈ ભુવા તથા આંક-૩૮ થી પંચ સાહેદ-મનોજભાઈ નાનુભાઈ બાવળીયાનાઓને** સોગંધ પર તપાસતા તેઓ તેમના પુરાવામાં એવી તેઓ આંક-૩૭ વાળા પંચનામામાં તેઓની પંચો તરીકેની સહી ઓળખી બતાવેલ પરંતુ સહી કયા અને કેમ કરેલ તે હકિકત તેઓ જાણતા ન હોવાની હકિકત જણાવેલ છે.'' જેથી સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કારી પુરાવો આપેલ ન હોય, વિધ્વાન એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં તેઓની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામેલ નથી. ''**સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં તેઓ એવી હકિકત કબુલ રાખેલ છે કે,** તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલી તે સિવાય અન્ય કોઈ

હકિકત તેઓ જાણતા નથી. **આમ, સદર કામે અતિ મહત્વના કેસને કડી રૂપ ગણાતા પંચોએ બનાવ સ્થળના પંચનામાં અંગે ફરીયાદપક્ષના કેસનો મદદરૂપ પુરાવો આપેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલ છે તેમજ તેઓ તેમની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની હકિકતને પુરવાર કરતો સમર્થન કારી પુરાવો આપેલ નથી. જેથી ફકત પંચનામામાં સહી કર્યાથી પંચનામું પુરવાર થયેલ છે તે હકિકત માની શકાય નહી.**

**(૧૪) વધુમાં આંક–૪૭ થી ફરીયાદી દિલીપભાઈ ખીમજીભાઈ વાઘેલાને** સોગંધ પર તપાસતા, તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓ તથા પોલીસ સ્ટાફના સાથી કર્મચારીંઓ રાત્રીના પોલીસ પેટ્રોલિંગમા હોય ત્યારે બાતમી મળેલ કે આરોપીઓ પશુને કૃરતાપૂર્વક બાંધી કોઈ પાણી કે ઘાસચારાની વ્યવસ્થા વગર ગાડીમા ભરવાની તૈયારી કરી રહેલ છે. તેવી બાતમીના આધારે બે પંચો રૂબરૂ પંચનામુ કરી વાહન તથા પશુઓ પંચનામાની વિગતે કબજે કરેલ રેડ દરમ્યાન આરોપી નાશી ગયેલ. બનાવની તેઓએ ફરીયાદ આપેલ. જયારે **''સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં તેઓ એવી હકિકત કબુલ રાખેલ છે કે,** હાલના ઢોર ને કોણે બાંધેલ છે તે તેઓએ નજરે જોયેલ નથી. સ્થળ પર થી આરોપીઓ ને અટક કરેલ નથી. ટુંકા દોરડા કબજે કરેલ છે. સ્થળ પર થી ટાટા ૪૦૭ મા પશુઓ ભરેલા હોય અને પકડેલ હોય તે હકિકતનો ઈન્કાર કરેલ છે. તેમજ કહેવાતો બનાવ રાત્રીના સમયે અંધારા મા બનેલો હોવાની હકિકત જણાવેલ છે. જેથી **કાયદાની ઉપરોકત કલમ તથ્યો તેમજ, ફરીયાદીની ફરીયાદની હકિકત અને તેઓની બચાવપક્ષે થયેલ સ્વિકૃતી સ્વરૂપની ઉલટતપાસ જણાવેલ હકિકતને એકબીજાની સાથે સરખાવતા વિરોધાભાષ જણાય આવે છે અને ફરીયાદની સ્વિકૃતી સ્વરૂપની ઉલટતપાસથી ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય અને આરોપીઓનુ ગુનાહીત કૃત્ય પુરવાર થાય તેવો સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી જેથી ફરીયાદની હકિકત**

**અને આરોપીના ગુનાને સાંકળતી સચોટ હકિકત સંપુર્ણ પણે પડેલ પુરાવાના આધારે પુરવાર થયેલ છે તેવુ માની શકાય નહી.**

**(૧૫) વધુમાં ફરીયાદપક્ષની હકિકતને પુરવાર કરવા માટે આ કામે આંક–૫૦ થી પોલીસ સાહેદ હેમુભાઈ બીજલભાઈ જમોડ, આંક–૫૧ થી પોલીસ સાહેદ જયેશભાઈ ધીરૂભાઈ ધાંધલ, આંક–પર થી પોલીસ સાહેદ નરેન્દ્રસિંહ વનરાજસિંહ ચુડાસમાને સોગંધ પર તપાસતા તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે,** સને ૨૦૧૭ મા બરવાળા પો.સ્ટ તેઓની ફરજ દરમ્યાન તારીખ ૨૪/૧/૧૭ ના રોજ પેટ્રોલીગ મા હોય દરમ્યાન બરવાળા કુંડળ દરવાજા ખાતે આવતા તેઓને બાતમી રાહે માહીતી મળેલ કે બરવાળા દરગાહ પાછળ અખાભાઈ દેવી પુજક, રઘુભાઈ ભરવાડ તથા સાહીલ ભાઈ ફકીર પશુને કૂરતા પુર્વક બાંધી કોઈ પાણી કે ઘાસચારા ની વ્યવસ્થા વગર ગાડી મા ભરવાની તૈયારી કરી રહેલ છે તેવી બાતમી મળતા હકીકત વાળી જગ્યા એ જઈ બે પંચો રૂબરૂ પંચનામુ કરેલ જેમા એક ટાટા ૪૦૭ મુજબ નુ વાહન તથા ૯ પશુ જેમા એક પશુ ની કિંમત રૂપિયા ૨૦૦૦/– ગંણી તથા વાહન ની કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– ગણી કુલ મુદામાલ કિંમત રૂપિયા ૨,૧૮,૦૦૦/– નો પંચનામા ની વીગતે કબજે કરેલ. રેઈડ દરમ્યાન આરોપીઓ નાશી ગયેલ હોય પશુઓને કોઈ પણ ઘારચારો કે પાણીની વ્યવસ્થા વગર ટુકા દોરડાઓ વડે કૂરતા પુર્વક બાંધેલ. બનાવ સમયે આરોપીઓ ભાગી ગયેલ હોય આજરોજ ચોકકસ પણે તેઓ ઓળખી શકે તેવી હકિકત જણોવલ છે. ''**સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં તેઓ એવી હકિકત કબુલ રાખેલ છે કે,** હાલના ઢોરને કોણે બાંધેલ છે તે તેઓએ નજરે જોયેલ નથી. સ્થળ ઉપરથી ટાટા ૪૦૭ માં પશુઓ ભરેલા હોય અને તેઓએ પકડેલ હોય તે હકિકતનો ઈન્કાર કરેલ છે. બલકે કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલાની હકિકત જણાવેલ છે. **આમ, સાહેદોની સોગંધ પરની સરતપાસ અને બચાવપક્ષે થયેલ ઉલટતપાસનું મુલ્યાકન કરતા સાહેદો ધ્વારા એવી હકિકત સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે,** હાલના ઢોરને કોણે બાંધેલ છે તે તેઓએ

નજરે જોયેલ નથી. તેમજ સ્થળ ઉપરથી ટાટા ૪૦૭ માં પશુઓ ભરેલા હોય અને તેઓએ પકડેલ હોય તે હકિકતનો ઈન્કાર કરેલ છે. બલકે કહેવાતો બનાવ રાત્રીના સમયે બનેલાની હકિકત જણાવેલ છે. જેથી સાહેદોની **ફરીયાદને અનુરૂપ હકિકત અને તેઓની બચાવપક્ષે થયેલ સ્વિકૃતી સ્વરૂપની ઉલટતપાસ જણાવેલ હકિકતને એકબીજાની સાથે સરખાવતા વિરોધાભાષ જણાય આવે છે. સાહેદોની જુબાનીનુ મુલ્યાકન કરતા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય અને આરોપીઓનુ ગુનાહીત કૃત્ય પુરવાર થાય તેવો સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આરોપીઓના ગુનાને સાંકળતી સચોટ હકિકત સંપુર્ણ પણે પડેલ પુરાવાના આધારે પુરવાર થયેલ છે તેવુ માની શકાય નહી.**

(૧૬) વધુમાં આ કામે **આંક-૫૪ થી સાહેદ-હરીભાઈ જોગાભાઈ ભરવાડ, આંક-૫૫ થી સાહેદ મુકેશભાઈ રતુભાઈ ભરવાડ, આંક-૫૬ થી સાહેદ આમાભાઈ તોગાભાઈ ભરવાડ તથા આંક-૫૭ થી સાહેદ છેલાભાઈ મેરાભાઈ ભુવાને** સોંગધ પર તપાસતા તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓ હાલના કેસમાં કશુ જાણતા નથી. તેઓની પોલીસે કોઈ પુછપરછ કરેલ હોય તે હકિકત તેઓએ નકારેલ છે. તેઓ કશુ કહેવા માંગતા નથી.'' જેથી સદર સાહેદો ધ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય, વિધ્વાન એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં તેઓની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામેલ નથી.''**સદર સાહેદોની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ નથી. આમ, સાહેદો ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ ન હોય અને બચાવપક્ષે પણ કોઈ ઉલટ તપાસ થયેલ ન હોય પુરાવાનુ મુલ્યાકન કરતા આરોપીઓના ગુનાને સાંકળતી સચોટ હકિકત સંપુર્ણ પણે પડેલ પુરાવાના આધારે પુરવાર થયેલ છે તેવુ માની શકાય નહી.**

(૧૭) વધુમાં આ કામે **પશુઓને સાચવણી અર્થે પાંજરાપોળમાં મુકવામાં આવેલ હોય પાંજરાપોળના મેનેજરશ્રી જીતેન્દ્રભાઈ સવાઈલાલ જોધાણીને આંક–૬૦ થી તપાસવામાં આવેલ છે.** જે તેમના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે, તેઓ બરવાળા ખાતે સને ૨૦૧૨ થી મેનેજર તરીકે ફરજ બજાવે છે અને પાંજરાપોળના પ્રમુખ દીપકભાઈ રાણપુરા છે. ગત તારીખ ૨૪/૦૧ /૨૦૧૭ ના રોજ બરવાળા પો.સ્ટે. તરફથી વાછરડા નંગ–૮ અને ગાય નંગ–૧ કુલ–૯ જીવ પાંજરાપોળ ખાતે સંભાળવા અંગેનો પત્ર મોકલતા તમામ જીવને સંભાળી લીધેલ અને તે અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ જે આંક–૫૯ થી બતાવતા તેઓએ ઓળખી બતાવેલ છે.'' સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે, કોઈપણ ખેડુત કે અન્ય કોઈ વચકિત પાંજરાપોળમાં પશુ જમા કરાવવા આવે તો તેને પાકી પાવતી આપવામાં આવે છે. હાલના કામે આવી કોઈ પાવતી આપવામાં આવેલ નથી. તેઓએ આપેલ પ્રમાણપત્રમાં પશુ કોની પાસેથી અને કેવી રીતે મેળવેલ તેનો કોઈ વિગત જણાવેલ નથી. તેમજ આ કામે જમા લીધેલ પશુઓ કોઈને પરત આપેલ નથી. પશુ જમા કરાવેલ ત્યારે તેઓ હાજર ન હતા. આમ, સદર સાહેદની જુબાની પરથી તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ નથી કે હાલના આરોપીએ પ્રાણીઓને ક્રુરતાપૂર્વક બાંધી કોઈ પાણી કે ઘાસચારાની વ્યવસ્થા કર્યા વગર ગાડીમા ભરવાની તૈયારી કરી રહયા છે.

**(૧૮) ત્યારબાદ આંક–૫૮ થી ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદારશ્રી નાગજીભાઈ મોતીભાઈ ચૌહાણનાઓ ને તપાસતા તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે,** તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ અને પશુઓની સાચવણી માટે બરવાળા પાંજારપોળ પર મોકલી તેમજ તપાસના કામે આરોપીને અટક કરવાનો પુરાવો મળતા આરોપીને અટક કરી, પુરતો પુરાવો મળતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. ''**સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે,**' હાલના આરોપીને સ્થળ પરથી અટક કરવામાં

આવેલ નથી. ટાટા ૪૦૭ માં પશુઓ ભરેલા હોય અને ટાટા ૪૦૭ પકડાયેલ હોય તેવુ બનેલ નથી. કહેવાતો બનાવ રાત્રીના અંધારામાં બનેલો. ચાર્જશીટ સાથે બરવાળા પાંજરાપોળમાં પશુઓ મુકયાની પાવતી રજુ કરેલ નથી. **આમ, રેકર્ડ પર તપાસવામાં આવેલ અતિ મહત્વના કડી રૂપ તપાસ કરનાર અમલદારશ્રી કે જેઓ ધ્વારા સદર ગુનાની તપાસપુર્ણ થયેલ છે તેઓની સોગંધ પરની સરતપાસ અને બચાવપક્ષે થયેલ ઉલટતપાસનું મુલ્યાકન કરતા એવી હકિકત સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે, હાલના આરોપીઓને સ્થળ પરથી અટક કરવામાં આવેલ નથી. વધુમાં તેઓ કબુલ રાખેલ છે કે બનાવમાં સંડોવાયેલ ટાટા ૪૦૭ માં પશુઓ ભરેલા હોય અને ટાટા ૪૦૭ પકડાયેલ હોય તેવુ બનેલ નથી. બલકે કહેવાતો બનાવ રાત્રીના અંધારામાં બનેલો તેમજ ચાર્જશીટ સાથે બરવાળા પાંજરાપોળમાં પશુઓ મુકયાની પાવતી રજુ કરેલ નથી તેવી હકિકતનો સ્વીકાર કરેલ છે.**

**૧૯) સમગ્ર કેસના તપાસેલ ફરીયાદી, સાહેદો, પંચો તેમજ તપાસ કરનાર અમલદારશ્રી ના સોગંધ પરના પુરાવાનું ઝીણવટ ભરી રીતે મુલ્યાકન કરતા** આ કામે આંક–૩૭ થી બનાવ અંગેનું પંચનામું રજુ થયેલ છે. પરતું આંક–૩૬ અને આંક–૩૮ થી તપાસેલ પંચો ધ્વારા પંચનામાંની હકિકતને અનુરૂપ કોર્ટ રૂબરૂ પુરાવો આપવામાં આવેલ નથી અને પંચનામું પુરવાર થયેલ નથી. વધુમાં આ કામે આંક–૪૭ થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે. જેઓની જુબાનીનું મુલ્યાકન કરતા કબજે કરાયેલ ઢોરને કોણે બાંધેલ છે તે નજરો નજર જોયેલ ન હોવાનુ કબુલ રાખેલ છે તેમજ સ્થળ પર ટાટા ૪૦૭ માં પશુ ભરેલા હોય અને તેઓએ પકડેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ દુષિત થવાનો સંભવિતતાને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં આંક–૫૦ થી ૫૬ સુધી સાહેદોને અનુક્રમે તપાસેલ છે. ફરીયાદને અનુરૂપ સ્ટીરીયો ટાઈપ પુરાવો આપેલ છે અને બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં પણ આરોપીઓની સ્થળ પર અટક કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે અને પશુઓ ટાટા ૪૦૭ માં

ભરેલ પકડાયેલ હોય તે હકિકતને નકારેલ છે. આંક–૬૦ થી પાંજરાપોળના મેનેજરશ્રીને તપાસેલ છે. જેઓ પશુ સાચવણી અંગેની આંક–૫૯ થી પંહોચ આપેલ છે. પરતું તેઓની બચાવપક્ષે થયેલ ઉલટમાં પણ આ કામે પશુ અંગેની કોઈ પાકી પાવતી આપેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને પશુ જમા લીધા ત્યારે તેઓ હાજર ન હોવાનુ કબુલ ેલ છે. બાદ આંક–૫૮ થી તપાસ કરનાર અમલદારશ્રીને તપાસેલ છે. પરતું તેઓ પણ આરોપીઓની સ્થળ પર અટક કરેલ હોવાની હીકકનો ઈન્કાર કરેલ છે. તેમજ તેઓએ ચાર્જશીટ સમયે પશુઓ પાંજરાપોળમાં મુકેલ તેની પાવતી રજુ રાખેલ નથી તેમજ પશુઓ ટાટા ૪૦૭ માં ભરેલ પકડાયેલ હોય તે હકિકતને નકારેલ છે. જેથી ફરીયાદી,ખ પંચો, સાહેદો તથા તપાસ કરનાર અમલદારશ્રી ની જુબાનીથી ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. તેમજ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકિકત અનુરૂપ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ સમગ્ર પુરાવાનુ ઝીણવટભરી રીતે મુલ્યાકન કરતા પુરાવાના અંતે આ કામના આરોપીઓને ગુના સાંથે સાંકળતી કોઈ સચોટ હકિકત તેઓની જુબાની પરથી રેકર્ડ પર આવતી નથી.

૨૦) ઉપર મુજબ કેસની હકિકતો, પડેલ પુરાવા તથા કાયદાની પરિસ્થિતિ જોતાં ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ પુરાવાથી નિ:શંકરીતે પુરવાર કરવાનો રહે છે. **કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે, આરોપીઓએ પોતાનો બચાવ પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત સુધીજ પુરવાર કરવાનો હોય છે. જે આરોપીઓએ પોતાનો કેસ પુરવાર કરેલો છે, જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલો નથી. આ બધી હકીકતોને ધ્યાને લેતાં, શંકા ગમે તેટલી પ્રબળ હોય પણ તે પુરાવાનું સ્થાન લેતી નથી, તે સિંધ્ધાતને ધ્યાને લઈને હાલના આરોપીઓને વ્યાજબી શંકાનો લાભ આપી,**

**નિર્દોષ ઠરાવી છોડી મુકવાની અરજ કરેલ છે. આ કામે ગુન્હાઓ પુરવાર કરવાના ઉપર જણાવ્યા મુજબના કાયદેસરના તત્વો ધ્યાનમા લેતાં તથા સમગ્ર પુરાવો અને રેકર્ડ ધ્યાનમાં લેતાં, આમ આ બધા પ્રશ્નો નિ:શંક પુરવાર થતા ન હોય ક્રિ.પ્રો.કોડના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષે આરોપીઓ સામે નો ગુનો કોઈપણ જાતની શંકાથી પર સાબિત કરવાનો રહે છે. આ કેસમાં રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાનું ઝિણવટભરી રીતે મુલ્યાંકન કરતા ફરીચાદી ફરી ગયેલા સાહેદ તરીકે થયેલ છે અને સાહેદોને ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેઓએ પોતાની જુબાની થકી ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.**

૨૧) **આમ,** ઉપરોકત કેસમાં તમામ તપાસેલ પંચો, સાહેદો તથા તપાસ કરનાર અમલદારશ્રી જુબાનીનુ મુલ્યાંકન કરતા ફરીયાદની હકિકત તથા સાહેદોની ઉલટતપાસની હકિકતને એકબીજા સાથે મુલવતા કોરબોરેટ થતી નથી અને વિરોધાભાષ જણાય આવે છે. જેથી આરોપીઓએ ગઈ તારીખ ૨૪/૦૧/૨૦૧૭ ના કલાક ૦૨/૦૦ વાગ્યે આ કામના આરોપીઓએ પોતાના હવાલા વાહનમાં માલ ઢોર ભરેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન પશુ નંગ-૯ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- તથા ટાટા ૪૦૭ નંબર GJ-2-T-7104 કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- સાથે કુલ રૂપિયા ૨,૧૮,૦૦૦/- નો મુદામાલ મુકી નાસી જઈ ગુજરાત પ્રાણી સંરક્ષણ-૧૯૫૪ ની કલમ-૫, ૬, ૬બી(૧)(૨)(૩), ૬(કે), ૮, ૧૦ તથા પ્રાણી ક્રૂરતા કલમ-૧૧ (ડી)(ઈ)(એફ)(એચ), ૧૧(ઈ)(એલ), ૧૧(૧) મુજબ નો ગુન્હો આચરેલ હોય તેવો સચોટ પુરાવો રેકર્ડ પરથી જણાઈ આવતો નથી. તેમજ ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન તરફે હોય છે તેવા સંજોગોમાં હાલના કેસમાં તપાસેલ સાક્ષીઓ ધ્વારા કેસના ગુનાને સાંકળતા તત્વો પુરવાર કરવામાં પ્રોસીકયુશીન નિષ્ફળ નિવડેલ હોવાનું રેકર્ડ રેકર્ડ પરથી તથા સાહેદોની સોગંદપરની જુબાનીથી જણાઈ

આવે છે.

૨૨) **વધુમાં ક્રિમીનલ જયુરીપ્રુડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ,** જો વધુ પોલીસ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરીણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવા સાક્ષીઓને તપાસી કોર્ટને મૂલ્યવાન સમય બગાડવો જોઈએ નહી. તેને અનુસરીને અને આ કેસમાં વધુ સાહેદોને તપાસવાથી પણ કેસના અંતિમ પરીણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ સાહેદોને ન તપાસી અને જુબાનીનું પુનરાવર્તન ટાળી,કોર્ટનો મૂલ્યવાન સમય બચાવેલ છે. આ કામમાં સદરહું કારણસર અન્ય પંચ સાહેદો તથા પોલીસ સાહેદોને ન તપાસીને કોર્ટનો મૂલ્યવાન સમય બચાવેલ છે. કારણ કે, જયારે ફરીયાદી જ પોતાની ફરીયાદ હકીકતને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સાહેદોની જુબાનીથી કેસમાં અંતિમ પરીણામ પર અસર થાય તેવી શકયતા રહેતી નથી. તેથી માત્ર ચાર્જશીટના આધારે જ આરોપીને સજા કરી શકાય નહીં. કેમકે આરોપી વિરુધ્ધ સાબિત માની શકાય તેવો કોઈ જ પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ નથી.આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવો યથાયોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું હોવાના કારણે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.**

## <u>:: હુકમ ::</u>

૧) આ કામના આરોપીઓ **(૧) અખાભાઈ ઉર્ફે અશોકભાઈ કાળુભાઈ મંદુરીયા,** ઉ.વ.૩૫, જાતે–દેવિપુજક, રહે.બરવાળા મહાવીર જીન પાછળ, તા.બરવાળા, જી.બોટાદ **(૨) રઘુભાઈ સોંડાભાઈ સાટીયા,** ઉ.વ.૩૪, જાતે–ભરવાડ, રહે.બરવાળા, ધોલેરીયા પરામાં, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ, **(૩) સાહીલ ઉર્ફે ફિરોજશાહ ભીખુભાઈ ફકીર,** ઉ.વ.૨૯,જાતે–મુસ્લિમ,

રહે.બરવાળા, નાવડા રોડ, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ વાળાને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૫૫(૧) મુજબ ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫, ૬,૬બી(૧)(૨)(૩), ૬(કે), ૮, ૧૦ તથા પ્રાણી કૃરતા કલમ–૧૧ (ડી)(ઈ)(એફ)(એચ), ૧૧(ઈ)(એલ), ૧૧(૧) મુજબના શિક્ષા ને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે કરવામાં આવેલ **મુદ્દામાલ પાવતી નંબર ૦૨/૨૦૧૭, તારીખ: ૨૪/૦૧/૨૦૧૭** માં દર્શાવેલ મુદામાલ પૈકી **આર્ટીકલ નંબર ૧** *ફોર વ્હીલ ટાટા ૪૦૭ દુધીયા કલરનું જુના જેવુ જેનો રજી.નં.જી.જે.ર.ટી.૭૧૦૪* તેમજ **આર્ટીકલ નંબર ૨** *(૧) થી (૯) સુધીના પશુ જીવ નંગ–૯* મુદામાલ નો નામદાર કોર્ટનો આ અગાઉ વચગાળાનો જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો અપિલ સમય પુરો થયા બાદ કબજે કરેલ મુદામાલના મુળ માલીકી અંગેની ખરાઈ કરીને જે તે દર્શાવેલ આર્ટીકલ મુજબના મુદામાલને તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. **આર્ટીકલ નંબર ૩** *કાળા કલરના આઠ નંગ દોરડાના કટકા* મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાંઆવે છે.

૩) એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે પ્રેત્યેક આરોપીઓ એ રૂપિયા ૧૦,૦૦૦/– ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સી.આર.પી.સી.ની કલમ:૪૩૭(એ) મુજબ અત્રેની કોર્ટમાં રજુ કરવા.

આ હુકમ આજ તારીખ ૦૨જી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ બરવાળા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૦૨/ ૦૫ /૨૦૨૬** **[ નિતેષ કિશોરભાઈ નાચરે]**
**સ્થળ : બરવાળા** **જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**બરવાળા, જિલ્લો–બોટાદ**
**જજ કોડ જી.જે.૧૪૫૧**